## એગ્રીકલ્ચરલ ઓર્નિથોલોજી, આકૃયુ, આણંદ અને આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયાના સંયુક્ત ઉપક્રમે દેવગઢ બારીયા ખાતે ખેડૂત તાલીમનું આયોજન કરાયું

કૃષિ પક્ષીશાસ્ત્ર વિભાગ, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, આણંદ અને આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયાના સંયુક્ત ઉપક્રમે દેવગઢ બારીયા ખાતે ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત તા: ૦૨/૦૩/૨૦૨૩ ના રોજ એક દિવસીય ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવેલ. જેમાં કૃષિ પક્ષીશાસ્ત્ર વિભાગના વડા ડૉ. આર. કે. ઠુમર; આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર દેવગઢ બારીયાના વડા ડૉ. વાય. બી. ચૌહાણ અને મુખ્ય શાકભાજી સંશોધન કેદ્ર ખાતે સહ સંશોધન વૈજ્ઞાનિક તરીકે ફરજ બજાવતા ડૉ. સી. કે. બોરડ દ્વારા આ તાલીમ વર્ગની શરુઆત દીપ પ્રાગટ્ય તેમજ આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના પ્રેરણા ગીતથી કરવામાં આવેલ, ત્યાર બાદ ડૉ. આર. કે. ઠુમર; ડૉ. વાય. બી. ચૌહાણ અને ડૉ. સી. કે. બોરડ, દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી ઉપસ્થીત ખેડૂતોનું સ્વાગત કરી વિભાગની સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતગાર કરવામાં આવ્યા. ત્યારબાદ ડૉ. સી. કે. બોરડ દ્વારા ખેતીમાં પક્ષીઓની અગત્યતા અને ખેતીમાં પક્ષીઓ દ્વારા થતું નુકસાન કઇ રીતે ઘટાડવું તે અંગેની વિવિધ પધ્ધતીઓથી ખેડૂતોને માહિતગાર કર્યા હતા. તાલીમના અંતે હાજર ખેડૂતોને ખેત ઓજારોનુ વિતરણ કરી તાલીમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ. સમગ્ર તાલીમ વર્ગનું આયોજન ખેતી અધિકારી આશિષ. એચ. નાયી અને આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયાના સંશોધન સહાયક ડૉ. હર્ષ દેસાઇ દ્વારા કરવામાં આવેલ.













તાલીમ કાર્યક્રમની ઝાંખી